# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- રાજ્યને વર્ષ 2030 સુધીમાં મેલેરિયામુક્ત બનાવવાનો સરકારનો નિર્ધાર
- રાજ્યની 13 GMERSની મેડિકલ કોલેજમાં કરાયેલા ફી વધારા અંગે એક અઠવાડિયામાં નિર્ણય કરાશે.
- સહકારી મંડળીઓ અને APMC ને જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક મારફતે નાણાંકીય વ્યવહાર કરવા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલનો અનુરોધ
- રાજ્ય સરકારે ફાળવેલી જમીન અંગેના કેસમાં અદાણી પોર્ટસને સર્વોચ્ચ અદાલતની રાહત.
- રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો 25 ટકા સરેરાશ વરસાદ નોંધાયો.
- આવતીકાલે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MALARIA FREE GUJARAT

રાજ્ય સરકારે ગુજરાતને આગામી વર્ષ 2030 સુધીમાં મેલેરિયામુક્ત કરવાનો નિર્ધાર કર્યો છે. સરકાર “મેલેરિયામુક્ત ગુજરાત 2030” અભિયાન હેઠળ મેલેરિયાનું નિર્મૂલન કરવા સક્રિય રીતે કામગીરી હાથ ધરી છે. રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોમાં એક હજારની વસતિએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ 2027 સુધીમાં શૂન્ય સ્તરે લઈ જવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

જંતુનાશક દવા છંટકાવ કામગીરી અંતર્ગત આ વર્ષે રાજ્યમાં જૂન મહિના સુધીમાં 22 જિલ્લાના મેલેરિયા માટે સંવેદનશીલ કુલ 218 ગામમાં 45 હજાર 355 ઘરને આવરી લેવાયા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકામાં “હાઉસ ટૂ હાઉસ” અભિયાન 2 તબક્કાઓમાં હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્યમાં 492 વેક્ટર કન્ટ્રોલ ટીમ મંજુર કરવામાં આવી છે, જે હાલમાં તમામ જિલ્લા અને મહાનગરપાલિકાઓમાં વાહકજન્ય રોગ અટકાયતની કામગીરી કરી રહી છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, આ વર્ષે “મેલેરિયામુક્ત ગુજરાત”ના લક્ષ્યને પૂરા કરવા આરોગ્ય શિક્ષણના જુદા-જુદા માધ્યમોથી મેલેરિયા રોગ અટકાયત અને નિયંત્રણ કરાશે. તેમ જ રાજ્ય, જિલ્લા અને મહાનગરકક્ષાએ જનસમુદાયમાં જનજાગૃતિ ફેલાવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. શાળાઓ અને મહાવિદ્યાલયોમાં વાહકજન્ય રોગ સબંધિત વિવિધ કાર્યક્રમો થકી આરોગ્ય શિક્ષણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. મેલેરિયાથી બચવાનો એક જ ઉપાય ‘વહેલું નિદાન અને સંપૂર્ણ સારવાર’.

--------

## RUSHIKESH PATEL- GMERS

રાજ્યની 13 GMERSની મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો ફી વધારા અંગે રાજ્ય સરકાર દ્વારા એક અઠવાડિયાની અંદર નિર્ણય લેવાશે. કેબીનેટ બેઠક બાદ આ મુદ્દે પત્રકારોને માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં આ મુજબ જણાવ્યું ....

(બાઇટ- ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

..................................

## SAHKARI SANSTHA - RUSHIKESH PATEL

સહકારી સંસ્થાઓના તમામ નાણાકીય વ્યવહાર સહકારી બેંકો થકી થાય તે માટે રાજ્ય સરકારે પંચમહાલ અને બનાસકાંઠામાં શરૂ કરેલા પાયલટ પ્રૉજેક્ટ થકી ૭૬૬ કરોડ રૂપિયાથી વધુની રકમની થાપણોમાં વધારો થયો છે. રાજ્યની બજાર સમિતિઓ, સહકારી મંડળીઓ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના નાણાંકીય વ્યવહારો જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક મારફતે કરવા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે અનુરોધ કરતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ – ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

.................................

# GUJARAT CABINET MEETING

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં વરસાદ, સહકારી મંડળી, ખેલ મહાકુંભ, GMERS ફી વધારા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મંત્રીમંડળની બેઠકમાં થયેલી ચર્ચા અંગે માધ્યમોને માહિતી આપી હતી.

શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં વાવણીલાયક વરસેલા વરસાદની સમીક્ષા કરવામાં આવી. રાજ્યમાં અત્યાર સુધી 25 ટકા વરસાદ નોંધાયો છે.

પ્રવક્તા મંત્રીએ ઉંમેર્યું કે, રાજ્યમાં આજે ખેલ મહાકુંભ શરૂ થતાં રમતવીરોને નામના મળી રહી છે.

વિદ્યાર્થીઓ શાળામાં પૂરતી હાજરી આપે તે માટે પણ સરકાર પ્રયત્નશીલ હોવાનું પ્રવક્તા મંત્રીએ ઉંમેર્યું હતું. જ્યારે રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના અંગે શ્રી પટેલે કહ્યું, પીડિત પરિવારના સભ્યો સાથે મુખ્યમંત્રીએ મુલાકાત કરી છે. વિશેષ તપાસ ટુકડી – SITનો અહેવાલ આવી ગયો છે. હવે પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

-----------------------------

# PASHU RASHIKARAN

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ચોમાસામાં અબોલ પશુઓને રોગચાળાથી રક્ષણ આપવા અત્યાર સુધીમાં 1.54 કરોડ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. “નેશનલ એનિમલ ડિસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ” અંતર્ગત આ કામગીરી ચાલી રહી છે.

શ્રી પટેલે ઉંમેર્યું કે, ઈયર ટેગિંગ દ્વારા પશુધનને આગવી ઓળખ આપવાની કામગીરીમાં ગુજરાત રાજ્ય અવ્વલ છે. અત્યાર સુધીમાં 2.46 કરોડ મોટા પશુઓ અને 11 લાખ ઘેટાં-બકરા મળીને કુલ 2.57 કરોડ પશુઓનું ઈયર ટેગિંગ કરીને ઓળખ આપવામાં આવી છે.

..................................

## Adani port. Guj HIgh court

સર્વોચ્ચ અદાલતે આજે ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલા જમીન અંગેના કેસમાં અદાણી પોર્ટસને રાહત આપી છે.

અદાણી પોર્ટ એન્ડ સેઝને ફાળવવામાં આવેલી 108 હેક્ટર જમીન પાછી મેળવવા રાજ્ય સરકારને આદેશ આપતા ગુજરાત વડી અદાલતના ચૂકાદા પર સર્વોચ્ચ અદાલતે મનાઈ હૂકમ આપ્યો છે.

ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ અને ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથનની બેન્ચે અદાણી પોર્ટ્સની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો, અને આ મુદ્દે ગુજરાત સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.

રાજ્ય સરકારે વર્ષ 2005માં કચ્છ જિલ્લાના મુન્દ્રા બંદર નજીક અદાણી પોર્ટ્સને 108 હેક્ટર જમીન ફાળવી હતી. નાવિનાલ ગામનાં નિવાસીઓએ વડી અદાલતમાં જાહેર હિતની અરજી કરી હતી. રાજ્ય સરકારે આ જમીન પાછી લેવાનો નિર્ણય લેતા કંપનીએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી.

---------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

...................................

## RUSHIKESH PATEL ON RAIN

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આજની સ્થિતિએ રાજ્યમાં કુલ 8.79 ઈંચ વરસાદ નોંધાયો છે, જે સરેરાશ વરસાદના 25.30 ટકા છે. રાજ્યના 89 તાલુકામાં 2થી પાંચ ઈંચ, 82 તાલુકામાં 5થી 10 ઈંચ, 54 તાલુકામાં 10થી 20 ઈંચ, જ્યારે 24 તાલુકામાં 20થી 39 ઈંચ વરસાદ નોંધાયો છે.

શ્રી પટેલે જણાવ્યું કે, આ વર્ષે અત્યાર સુધીમાં કુલ 40.26 લાખ હેક્ટર એટલે કે, 47.04 ટકા જમીનમાં વાવેતર થયું છે, જેમાં મગફળીના પાકનું 14 લાખ હેક્ટર, કપાસનું 19 લાખ હેક્ટર, તેલિબિયાંનું 19 લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે ખરીફ ઋતુમાં વિવિધ પાકની વાવેતરમાં વધારા સહ વેગ આવવાની પૂરતી સંભાવના છે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે, આ ખરીફ ઋતુમાં ડાંગર, મકાઈ, બાજરા, મગ, અડદ, તુવેર, મગફળી, તલ, દિવેલા, સોયાબીન અને કપાસ જેવા મુખ્ય પાકની કુલ 13 લાખ 20 હજાર 240 ક્વિન્ટલ બિયારણની જરૂરિયાત સામે રાજ્યમાં 15 લાખ 45 હજાર 65 ક્વિન્ટલ બિયારણનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઋતુ માટે વાવેતર હેતુ બિયારણનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે.

.................

## RAIN AAGAHI

હવામાન ખાતાની આગાહી અનુસાર આજે કચ્છ, બનાસકાંઠા, પાટણ, સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં મોટાભાગનાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિત ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત તેમ જ દક્ષિણ ગુજરાતનાં ઘણા સ્થળોએ તો કચ્છ અને સૌરાષ્ટ્રના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

...................................

## DISTRICT RAIN

રાજ્યમાં આજે અનેક સ્થળોએ વરસાદી માહોલ સર્જાયો છે.

કચ્છમાં સતત ત્રીજા દિવસે લખપતમાં વર્માનગર, કોરીયાણી, રામપર રોહા અને કોટડા જડોદર વિસ્તારમાં તેમજ અબડાસાનાં બીટામાં વરસાદી ઝાપટાં નોંધાયા.

સુરેન્દ્રનગરના ચોટીલામાં ગઇકાલે વરસેલા ત્રણ ઇંચ વરસ્દ બાદ ફરી આજે વરસાદનું આગમન થયું છે.

બીજી તરફ બોટાદ શહેરમાં  પાળીયાદ રોડ, ટાવર રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે આજે વહેલી સવારથી વરસાદ વરસતા ગલીઓમાં નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

દ્વારકા જિલ્લામાં ખંભાળિયા તાલુકાનાં ભીંડા, બેરાજા, લાલુકા, ભાળથરમાં ધીમી ધારે વરસાદ વરસતા ધરતીપુત્રોમાં ખુશી છવાઇ છે. ભાડથર ગામે નદીમાં પૂરની પરિસ્થિતિ સર્જાતા ભાડથર ભીંડા વચ્ચેનો ગ્રામ્ય વિસ્તાર પ્રભાવિત થયો છે.

.................

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત તાપીમાં વ્યારા તાલુકાના બેડકુવા દુર ખાતે પ્રાકુતિક ખેતી અંગેની યોજાયેલી તાલીમમાં ગામના 25 જેટલા  ખેડૂત બેહેનોએ જિવામૃતનું મહત્વ અને તેનો ખેતીમાં ઉપયોગ માહિતી મેળવી..

- સાબરકાંઠામાં કામધેનુ યુનિવર્સિટી રાજપુર ખાતે  વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.
- ખેડબ્રહ્મા તાલુકાની ઊંચી ધનાલ ખાતે "મેટરનિટી બેનિફિટ સપ્તાહ " અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો.
- વલસાડના સાંસદ ધવલ પટેલ લોકસભાની ચૂંટણી જીત્યા બાદ પ્રથમ વખત ડાંગના આહવાની મુલાકાતે આવ્યા.
- દાહોદ જિલ્લાના  ટાન્ડા, વાંદરીયા તેમજ ધાવડીયા ખાતે દંપતી સંપર્ક પખવાડિયા અંતર્ગત લઘુશિબિર યોજાઈ. જેમાં વસતિ વધારાની સમસ્યા અને વસતિ નિયંત્રણ અંગે દંપતીઓને માહિતગાર કરાયા.
- દેવગઢબારીયા તાલુકાના રેઢાણા તળાવ આંગણવાડી કેન્દ્ર ખાતે સી. ડી. પી. ઓ. શ્રી દ્વારા અગ્નિશામક યંત્રના ઉપયોગ અંગેની માહિતી અપાઈ.

------------------